# છ ગામ પાટીદાર સમાજ, મુંબઈ

સરદાર બાગ, પાર્લેશ્વર રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૫૭.

Website : www.6gampatidar.org



## વાર્ષિક સામાન્ય સભા

તા. ૧૮-૧૧-૨૦૧૭

માનનીય સભ્ય,

સમાજના ઉપક્રમે વાર્ષિક સામાન્ય સભા તા. ૧૭-૧૨-૨૦૧૭ રવિવારના રોજ નીચેના સ્થળે યોજવામાં આવેલ છે તો આપ ઉપસ્થિત રહેવા આગ્રહભર્યુ આમંત્રણ છે.

**સ્થળ : આઈ. બી. પટેલ સ્કુલ, ૨૨૦, જવાહર નગર, ગોરેગાંવ (વે), મુંબઈ - ૪૦૦ ૧૦૪.**

**૧) વાર્ષિક સામાન્ય સભા : સવારે ૧૦.૦૦ કલાકે**

**એજન્ડા:** ૧. ગઈ વાર્ષિક સામાન્ય સભાની મીનીટ મંજુર કરવા.
૨. વાર્ષિક અહેવાલ તથા ૨૦૧૬-૧૭ નાં હિસાબ મંજુર કરવા.
૩. ૨૦૧૭-૨૦૧૮ ના વર્ષ માટે ઓડીટરની નિમણૂંક કરવા.
૪. પ્રમુખશ્રીની રજાથી અન્ય કામકાજ રજૂ થાય તે.

ઉપરોક્ત વાર્ષિક સામાન્ય સભા કોરમના અભાવે મુલતવી રાખવી પડે તો સભા તેજ સ્થળે તેજ દિવસે કામકાજ માટે ૩૦ મીનીટ પછી મળશે. **નોંધ :** હિસાબી માહીતી મેળવવા ઈચ્છુક સભ્યોએ ૧૧-૧૨-૨૦૧૭ સુધીમાં લેખિત અરજી કાર્યાલયના સરનામે પહોચાડવાની રહેશે. મૌખીક બાબતોને માન્યતા નથી.

**ગત વાર્ષિક સામાન્ય સભા તથા સ્નેહ સંમેલન :** છ ગામ પાટીદાર સમાજ, મુંબઈ નું સ્નેહ સંમેલન અને વર્ષ ૨૦૧૫-૨૦૧૬ ની વાર્ષિક સામાન્ય સભા રવિવાર, તા. ૧૫-૧-૨૦૧૭ ના રોજ સરદાર વલ્લભભાઈ પટેલ ભવન, જવાહર નગર હોલ, સીટી સેન્ટરની સામે, એસ. વી. રોડ, ગોરેગાંવ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૧૦૪ ખાતે યોજવામાં આવી હતી.

તેજસ્વી વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહક ઈનામો આપવામાં આવ્યા હતાં. ગત વાર્ષિક સભાનો અહેવાલ ૨૦૧૫-૨૦૧૬ ના હિસાબ મંજૂર કરવામાં આવ્યો. ૨૦૧૪-૨૦૧૫ ના વર્ષ માટે ઓડીટર તરીકે મે. અરવિંદ રમણ અને વિજય કું. ની નિમણુંક સર્વાનુંમતે કરવામાં આવી હતી.

મનોરંજન પ્રોગ્રામ સંગીત સંધ્યા સાંજે ૬.૦૦ કલાકે, આરતી શેઠ પ્રસ્તુત આ કાર્યક્રમ સમાજ તરફથી રાખવામાં આવ્યો હતો. સર્વેનો આભાર માન્યા બાદ આપણા સમાજના પરિવાર તરફથી રાખવામાં આવેલું સ્વરુચી ભોજન લઈ કાર્યક્રમ સમાપ્ત થયો હતો.

**કોમ્પ્યુટર કલાસ :** માર્ચ મહિના પછી રાહત દરે દરેક સભ્ય તથા સભ્ય પરિવાર માટે કોમ્પ્યુટર કલાસ ચાલુ કરવામાં આવ્યા હતા.

**રાહત દરે નોટબુક વિતરણ :** રાહતના દરે નોટબુકનું વિતરણ સમાજ તરફથી દર વર્ષે કરવામાં આવે છે. દર વખતની જેમ આ વખતે શ્રી અમરીષભાઈ, શ્રી મુકેશભાઈ તથા શ્રી ભુપેશભાઈ પટેલ (ડીસાન ગ્રુપ), શ્રી ચંદ્રકાંતભાઈ સી. પટેલ (ભાદરણ), શ્રી શાંતીભાઈ ડી. પટેલ (થેમીસ મેડીકેર-નડીયાદ), હિંદ કેમીકલ્સ (બાબુભાઈ મરઘાભાઈ પટેલ -કરમસદ) અને ભાવેશભાઈ શાંતીલાલ પટેલ (ધર્મજ) તરફથી આર્થીક મદદ કરવામાં આવી છે.

**પિકનીક :** ૧ દિવસની પિકનીકનું આયોજન સમાજ તરફથી રવિવાર, તા. ૮-૧-૨૦૧૭ ના રોજ વેટ-એન-જોય લોનાવલા ખાતે કરવામાં આવ્યું હતું.

**અગત્યની સૂચના :** આપનું સરનામુ અથવા ફોન નંબર બદલાયા હોય તો જણાવશો. કારણ કે ૧૯૦ સભ્યોના સરનામા બદલાયા છે (શીફ્ટેડ) અને તેઓએ જણાવ્યું નથી. સમાજને આપેલ દાન ઈન્કમટેક્ષની કલમ ૮૦જી માં કરમુતક્ત પાત્ર છે. તેનો લાભ દાન આપી મેળવશો.

સમાજના સભ્યોની સંખ્યા નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| પેટ્રન સભ્ય | - | ૧૬ |
| ઓનરેબલ | - | ૦૮ |
| દાતાર સભ્ય | - | ૩૮ |
| આજીવન સભ્ય | - | ૪૪૯ |
| | | ૫૧૧ |

લી. માનદ્ મંત્રીઓ - **શ્રી ભાવેશ શાંતીભાઈ પટેલ**
**શ્રી ભાર્ગવ નગિનદાસ પટેલ**

એક પળ વાર માટે ગુસ્સો આખી જિંદગીની ઈમારત તોડી નાખે છે.